# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા : ૧૨/૭/૨૦૨૧

તંત્રીશ્રી, ________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ચેમ્બર દ્વારા 'જનરલ ઇન્સ્યુરન્સ – અ બેકબોન ઓફ ટ્રેડ, ઇન્ડસ્ટ્રી એન્ડ ઇન્ડીવિજ્યુલ્સ' વિશે વેબિનાર યોજાયો

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા શનિવાર, તા. ૧૦ જુલાઇ ૨૦૨૧ના રોજ 'જનરલ ઇન્સ્યુરન્સ – અ બેકબોન ઓફ ટ્રેડ, ઇન્ડસ્ટ્રી એન્ડ ઇન્ડીવિજ્યુલ્સ' વિષય ઉપર વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વકતા તરીકે ઇન્સ્યુરન્સ કન્સલ્ટન્ટ સુરેશ દેસાઇએ મહત્વની માહિતી આપી હતી.

સુરેશ દેસાઇએ જણાવ્યું હતું કે, જનરલ ઇન્સ્યુરન્સ એ વ્યાપાર – ઉદ્યોગની બેકબોન છે. ઇન્ડસ્ટ્રીની પ્રગતિ માટે મિલ્કતનો વીમો કેમ જરૂરી છે? તેના વિશે તેમણે વિસ્તૃત ચર્ચા કરી હતી. તેમણે મિલ્કતની કિંમતની સરખામણીમાં પ્રિમિયમની રકમ કેટલી નજીવી છે? તેના વિશે ઉદ્યોગકારોને વિસ્તૃત સમજણ આપી હતી. મેડીકલેઇમ વીમા પોલિસી ઉપર દાવાની ચૂકવણીમાં સર્જાતા પ્રશ્નો વિશે વિસ્તૃત ચર્ચા કરી તેમણે ભારત લઘુ ઉદ્યોગ સુરક્ષા પોલિસી અંગે પણ મહત્વની માહિતી આપી હતી.

વધુમાં તેમણે વીમાની પોલિસી ઉપર થતા દાવાઓની ચૂકવણી અંગે ઉપસ્થિત થતા ડિસ્પ્યુટના નિકાલ માટે દાવેદારને પ્રાપ્ત વિકલ્પો અને એની અસરકારકતા વિશે પણ જાણકારી આપી હતી. તેમણે કહયું હતું કે, લાઇફ સિવાયના બધા ઇન્સ્યુરન્સ જનરલ ઇન્સ્યુરન્સમાં કવર કરી શકાય છે.

ઉપરોકત વેબિનારમાં ચેમ્બરના ભૂતપૂર્વ ઉપપ્રમુખો રૂપીન પચ્ચીગર અને પ્રેમકુમાર શારદાએ પેનલિસ્ટ તરીકે મહત્વની ભૂમિકા ભજવી હતી. ચેમ્બરના માનદ્ મંત્રી નિખિલ મદ્રાસીએ અંતે સર્વેનો આભાર માની વેબિનારનું સમાપન કર્યુ હતું.